## હિંમતનગર તાલુકા પંચાયતના
# પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરાઈ

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે હિંમતનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસનું શાસન હોવા છતાં સત્તાધારી પક્ષના સદસ્યોએ વિરોધ પક્ષનો સહારો લઈ મંગળવારે યોજાયેલી તાલુકા પંચાયતની સભામાં પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરતા કોંગ્રેસમાં જાણે કે ભડકો થયો હોય તેમ કેટલાક કાર્યકરો અને અગ્રણીઓએ પ્રમુખની કાર્યરીતીથી નારાજ થઈને ઉગ્ર ભાષામાં બળાપો કાઢ્યો હતો.

આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મંગળવારે હિંમતનગર તાલુકા પંચાયતની મળેલી સામાન્ય સભામાં તાલુકા પંચાયતના પ્રમુખ ઈમરાનખાન ઉમેદખાન ઠાકોરની કાર્ય પદ્ધતીથી નારાજ થયેલા કોંગ્રેસ તથા ભાજપના ધુળસિંહ રહેવર, લાલસિંહ ઝાલા, અમિતકુમાર પટેલ, રવિન્દ્રસિંહ ચાવડા સહિત ૨૨ સભ્યોએ નારજગી દર્શાવીને સભામાં તાલુકા વિકાસ અધિકારી સમક્ષ પ્રમુખ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લેખિતમાં રજુ કરી હતી. જેના કારણે તાલુકા પંચાયતની બહાર હોબાળો મચી જવા પામ્યો હતો.

લોકોના ટોળામાં થતી ચર્ચા મુજબ તાલુકા પંચાયતના પ્રમુખે વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની ટીકીટ અપાવવા માટે ભજવેલી ભૂમિકાને કારણે કોંગ્રેસના કાર્યકરોમાં સખ્ત નારાજગી પ્રસરી છે. જેથી હિંમતનગર તાલુકા પંચાયતની એક બેઠકના કોંગ્રેસી કાર્યકર તેમના ટેકેદારોને લઈને તાલુકા પંચાયતમાં ધસી આવ્યા હતા. જેના કારણે મારામારી થવાની દહેશતને લઈને થોડોક સમય ઉત્તેજના વ્યાપી જવા પામી હતી. પરંતુ પોલીસ સમજાવટ કરીને મામલો થાળે પાડ્યો હતો.

ઉલ્લેખનીય છે કે અત્યારે વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયા ચાલુ હોવાને કારણે આદર્શ આચારસંહિતા લાગુ હોવાને કારણે તાલુકા પંચાયતના પ્રમુખ વિરૂદ્ધ રજુ કરવામાં આવેલ અવિશ્વાસની દરખાસ્ત અંગે ચર્ચા કરવા માટે શક્યત: વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ સભા યોજાય તેવી શક્યતા છે. જો કે પંચાયત એક્ટ મુજબ અવિશ્વાસની દરખાસ્ત રજુ થયા બાદ ૧૫ દિવસમાં સામાન્ય સભા બોલાવવાનો નિયમ છે. પરંતુ ચૂંટણી હોવાને કારણે તેમાં છુટછાટ મળે તેમ જણાઈ રહ્યું છે.

## ૧૯૬૨માં સાબરકાંઠા વિધાનસભાની ચારેય બેઠક કોંગ્રેસે જીતી હતી

હિંમતનગર, તા. ૨૯

મહારાષ્ટ્રમાંથી ગુજરાતને અલગ પાડી વર્ષ ૧૯૬૨માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી ત્યારે તેમાં સાબરકાંઠાની ચારેય બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોનો વિજય થયો હતો. જોકે અત્યારે પરિસ્થિતિ બદલાઈ છે. જેના માટે મતદારોમાં આવેલી જાગૃતિની ભુમિકા મહત્વની છે.

૧૯૬૨માં ગુજરાત વિધાનસભાની યોજાયેલી ચૂંટણીમાં સાબરકાંઠાની હિંમતનગર બેઠક પર પાંચ ઉમેદવારો ચૂંટણી લડતા હતા. જેમાં કોંગ્રેસમાંથી પટેલ શંકરભાઈ દેવજીભાઈ, સ્વતંત્ર પક્ષમાંથી પટેલ જોયતાભાઈ ડાહ્યાભાઈ, પ્રજા સોશ્યલ પાર્ટીમાંથી પટેલ અંબાલાલ મોતીરામ, રીપબ્લીક પાર્ટીમાંથી વણકર પરમારામ જ્યારે અપક્ષ તરીકે શ્રીકુમાર નરસિંહજી મેડતીયાએ ચૂંટણીમાં ઝંપલાવ્યુ હતુ. જે વખતે ૬૩.૫૧ ટકા મતદાન થયુ હતુ અને તેમાં કોંગ્રેસના ઉમેદવાર શંકરભાઈ પટેલને ૧૯૨૫૫ મત મળતા તેમનો વિજય થયો હતો.

તેજ પ્રમાણે પ્રાંતિજ બેઠકમાં પણ પાંચ ઉમેદવારો હતા. જેમાં કોંગ્રેસ તરફથી પટેલ શાંતુભાઈ ચુનીભાઈને ૨૧૮૭૧ મત મળતા તેઓ વિજયી બન્યા હતા. આ બેઠકમાં તત્કાલિન સમયે ૫૨.૬૫ ટકા મતદાન થયુ હતુ. ખેડબ્રહ્મા બેઠકની વાત કરીએ તો ૧૯૬૨ આ બેઠક પર કોંગ્રેસના ડાભી માલજીભાઈ સગરામભાઈ કોંગ્રેસના ઉમેદવાર હોવાને કારણે ૧૪૫૪૪ મત મળતા તેઓ વિજયી બન્યા હતા. આ બેઠક પર ૬૦.૧૩ ટકા મતદાન થયુ હતુ. ઈડર બેઠકમાં ચાર ઉમેદવારો હતા જે પૈકી કોંગ્રેસના ભાંભી ગોવિંદભાઈ માનાભાઈને ૨૩૭૧૫ મત મળતા તેમનો વિજય થયો હતો. ૧૯૬૨માં સાબરકાંઠાની આ ચારેય બેઠક પર મતદારોએ સ્વતંત્ર પક્ષ, પ્રજા સોશ્યલ પાર્ટી, રીબબ્લીકન પાર્ટી અને અપક્ષોને જાકારો આપ્યો હતો.





**ખેડબ્રહ્મામાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત રેલીનું આયોજન**

ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી કૌશીક મોદી અને મામલતદાર વી.ડી. ગમાર દ્વારા મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત લોકોમાં મતદાન કરવા જાગૃતિ આવે તે માટે તાલુકા સેવા સદનથી રેલી કાઢવામાં આવી હતી. જેમાં તાલુકાના તમામ સરકારી કર્મચારીઓ, શિક્ષકો, તથા આઈટીઆઈના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ રેલી સેવા સદનથી નીકળી પેટ્રોલ પંપ, સરદાર ચોક, માણેક ચોક, લક્ષ્મીપુરા ચાર રસ્તા થઈ પરત ફરી હતી. રેલીમાં લોકો ૧૪ ડિસેમ્બરે વધુમાં વધુ મતદાન કરે તે માટે બેનરો, પ્લે કાર્ડ સાથે સુત્રોચ્ચાર કરી લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

## બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ ઉત્કૃષ્ઠ કામગીરીમાં મોખરે

પાલનપુર, તા. ૨૯

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ, પાલનપુરના સંયુક્ત ઉપક્રમે પ્રતિવર્ષ રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં સારી કામગીરી કરનાર જુદા જુદા પ્રકારની સહકારી સંસ્થાઓ માટે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવા માટે હરીફાઈ યોજવામાં આવે છે. જેના અનુસંધાને વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષમાં ઉત્કૃષ્ઠ કામ કરનાર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘો તેમજ મહિલા સહકારી મંડળીઓ માટે યોજવામાં આવેલ હરીફાઈમાં બનાસકાંઠા જિલ્લામાંથી ખરીદ વેચાણ સંઘોમાંથી પ્રથમ નંબરે ધી ડીસા તાલુકા ખરીદ વેચાણ સંઘ, ડીસા અને મહિલા સહકારી મંડળીઓ વિભાગમાંથી પ્રથમ નંબરે ધી વડગામ વિભાગ દલિત મહિલા બચત ધિરાણ મંડળી, વડગામ આવેલ છે.

પ્રથમ નંબરે આવેલ સહકારી સંસ્થાઓને બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ, પાલનપુરના ચેરમેન અને બનાસ બેંક અને બનાસડેરીના ડીરેક્ટર અણદાભાઈ આર. પટેલ અને જિલ્લા સહકારી સંઘના તમામ ડીરેકટરોએ શુભકામનાઓ આપવામાં આવી હતી. તેમજ બનાસકાંઠા જિલ્લાની તમામ સહકારી સંસ્થાઓ હરીફાઈ થકી પોતાની મંડળીનો વિકાસ કરે તેમજ સહકાર થકી બનાસકાંઠા જિલ્લાનો વિકાસ થાય તે માટે આપણે સૌ સાથે મળીને પ્રયત્ન કરવા જોઈએ. અને જિલ્લાની સહકારી સંસ્થાઓને જ્યાં પણ માર્ગદર્શન કે અન્ય કોઈ પણ માહિતીની જરૂરીયાત હોય તો જિલ્લા સહકારી સંઘ કાયમ તત્પર રહેશે. તેવું બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટીવ ઓફીસર રમેશભાઈ એમ. પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

### ખેડબ્રહ્મા પોલીસે તથા આર્મીની ફ્લેગ માર્ચ યોજાઈ

રાજ્ય સરકારની વિધાનસભાની ચૂંટણી યોજાનાર હોઈ તે અનુસંધાને આર્મી જવાનો સાથે રાખી એરિયા ડોમીનેશનની અન્વયે ફ્લેગ માર્ચ માર્ગદર્શન હેઠળ ખેડબ્રહ્મા પોલીસ તથા આર્મીના જવાનોના સંયુકત ઊપક્રમે ખેડબ્રહ્મા ટાઉન, લક્ષ્મીપુરા અને ગલોડિયા સંવેદનશીલ ગામોમાં ફ્લેગ માર્ચ તથા એરિયા ડોમીનેશન કરવામા આવ્યુ.

### વિશ્વકર્મા સુથાર સમાજનો પસંદગી મેળો ૨૫મીએ યોજાશે

૨૫મી ડિસેમ્બરના રોજ વિશ્વકર્મા સુથાર સમાજ (ગજ્જર) વલ્લભ વિદ્યાનગર દ્વારા યુવક યુવતી પરિચય સંમેલન રાધાકૃષ્ણ પાર્ટીપ્લોટ, ઝેન સ્કૂલની સામે, વડતાલ વિદ્યાનગર રોડ વિદ્યાનગર ખાતે યોજાશે. વધુ માહિતી માટે પ્રમુખ ધીરૂભાઈ સુથાર, મો. નં. ૯૮૨૪૩૪૯૮૩૯નો સંપર્ક કરવા જણાવેલ છે.

## નાસતા ફરતા આરોપીને પકડવા ખેડબ્રહ્મા પોલીસને વધુ એક સફળતા હાથ લાગી

ખેડબ્રહ્મા, તા. ૨૯

પો.સ્ટે.ના છેલ્લા ૧ વર્ષથી પ્રોહી.ગુનામા નાસતા ફરતા આરોપી અને બોર્ડર પરથી ગુજરાત રાજ્માં દારૂની ઘૂસણખોરીના મુખ્ય સૂત્રધાર લલીત નતથુરામ ખટીક રહે. મુળ. દેલવાડા. તા. જી. નાથદ્વારા. હાલ રહે. મામેર જીલ્લો. ઉદેપુર(રાજસ્થાન)વાળાને કુલ-૪ ગુનામાં ઝડપી પાડતી ખેડબ્રહ્મા પોલીસ હાલમાં વિધાનસભા ચૂંટણી અન્વયે આદર્શ આચારસંહિતા અમલમાં હોઈ જે અનુસંધાને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અસરકારક પેટ્રોલીંગ કરવા તેમજ રાજસ્થાન બોર્ડર પર દારૂની બંધી તપાસ કરતા પો.સ.ઈ. એ.વી. દેસાઈ નાઓ તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા ખાનગી બાતમી આધારે ખેડબ્રહ્મા પો.સ્ટે.ના છેલ્લા ૧વર્ષથી નાસતા ફરતા આરોપી લલીત નતથુરામ ખાટીક રહે. મામેર. જિલ્લો. ઉદયપુરવાળાને બાતમી હકિકત અન્વયે આજરોજ જેને ખેડવા ત્રણ



રસ્તા પાસેથી બાતમી હકીકત આધારે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી ખેડબ્રહ્મા પો. સ્ટે.ના ગુનાઓમાં અટક કરવામાં આવેલ છે. આમ, ખેડબ્રહ્મા પોલીસને નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવામાં વધુ એક સફળતા મળેલ છે.

### આજે વડગામ મુકામે ઉમેદવારો અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાશે

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭અન્વયે આજે તા.૩૦-૧૧-૨૦૧૭ના રોજ વડગામ મુકામે મામલતદાર કચેરી ખાતે ૧૫.૩૦ કલાકે બેઠક યોજાશે. જેમાં ૧૧-વડગામ વિધાનસભા મતદાર વિભાગ (અ.જા.)માં ઉમેદવારી કરેલ ઉમેદવારો અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે. આ મિટીંગમાં ચૂંટણી અન્વયે આદર્શ આચાર સંહિતાના અમલીકરણ તથા ખર્ચ નિયંત્રણ અંગે જરૂરી માહિતી અને માર્ગદર્શન અપાશે. બેઠકમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ અને ઉમેદવારોને જાતે અથવા તેમના અધિકૃત એજન્ટને ઉપસ્થિત રહેવા ચૂંટણી અધિકારી ૧૧-વડગામ વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ) હડીયલ દ્વારા જણાવાયુંછે.



**વાવ ખાતે પ્રથમ વખતના યુવા મતદારોનું યુવા વિકાસ સ્નેહમિલન યોજાયું**

દેશની ભાવી પેઢી એવી પ્રથમ વખત મતદાન કરવા જઈ રહેલા યુવાનોનું વિશાળ યુવા વિકાસ સ્નેહમિલન વાવ ખાતે વિધાનસભાના ઉમેદવાર શંકરભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયું હતું. જેમાં યુવાનોએ એકી અવાજે વાવ વિસ્તારના વિકાસ પુરૂષ શંકરભાઈ ચૌરીની પડખે રહેવાનો રણટંકાર કરીને તેમને સમર્થન જાહેર કર્યુ હતું. એક અલગ પ્રકારના કાર્યક્રમમાં શંકરભાઈએ પ્રથમ વખતના યુવા મતદારો સાથે સંવાદ કરીને વાવના વિકાસ માટેના તેમના સૂચનો સાંભળીને તેનું સમાધાન આપ્યુ હતુ. આ પ્રસંગે બનાસબેંકના ચેરમેન એમ.એલ. ચૌધરી, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ હરેશ ચૌધરી, મહામંત્રી રામસિંગ રાજપૂત, ડૉ. કિર્તીભાઈ ભાટા, આનંદ પટેલ, શહેર પ્રમુખ ભરતસિંહ, પ્રતાપસિંહ વેઝીયા સહીતના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.



**માલપુરમાં વાલ્મિકી સમાજે દેખાવ કરતા પોલીસ દ્વારા અટકાયત**

અરવલ્લી જિલ્લાના માલપુર ગામના વાલ્મિકી સમાજે તેમની પડતર માંગણીઓ ના મુદ્દે ચૂંટણી બહિષ્કાર કર્યાની ચીમકી ઉચ્ચારી ન્યાયની માંગણી કરી રહ્યા છે. બુધવારે માલપુર ખાતે ભાજપ કાર્યાલયનો પ્રારંભ કરાતા વાલ્મિકી સમાજ દ્વારા ભાજપના અગ્રણીઓ સામે ન્યાયની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરતાં માલપુર પોલીસે ૨૫ જેટલા વાલ્મિકી સમાજના યુવાનો અને મહિલાઓની અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ જઈ માર માર્યો હોવાનો આક્ષેપ કરતાં ખળભળાટ મચ્યો હતો અને પોલીસની દમનકારી નીતિ સામે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો.

## બાવળા નજીક આઈશર પાછળ બાઈક ઘૂસી જતાં બે યુવાનનાં મોત

અમદાવાદ,તા.૨૯

બાવળા-બગોદરા રોડ પર ઢેઢાળ ચોકડી પાસે આઈશર ગાડી પાછળ બાઈક ઘૂસી જતાં બાઈકસવાર ત્રણ યુવાનો પૈકી બે યુવાનના ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મોત થયા હતા. જ્યારે એક યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતાં તે હાલમાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

બાવળા પાસે આવેલા રૂપાલ ગામ ખાતે રહેતા સાલીલ ઈકબાલ વોરા (ઉં.વ.૧૮), સમીર ઈરફાન વોરા (ઉં.વ.૧૮) અને તનવીર વોરા આ ત્રણેય મિત્રો બાઈક પર ત્રણ સવારી ગઈ કાલે સાંજે ૭-૦૦ વાગ્યે બાવળા-બગોદરા રોડ પર ઢેઢાળ ચોકડી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આગળ જઈ રહેલી આઈશર ગાડી પાછળ બાઈક ઘૂસી જતાં આ ગમખ્વાર ઘટના બની હતી.

બાઈક આઈશર ગાડી પાછળ ઘૂસી જતાં ત્રણેય યુવાનો રોડ પર પટકાયા હતા. જેમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી સાલીલ વોરા અને સમીર વોરાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે તનવીર વોરાને ગંભીર ઈજાઓ પહોંચતાં તેની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળે છે.

## ખોરાકનો બગાડ અટકાવવા માટે કન્યાકુમારીથી કાશ્મીર સુધી યુવકની પદયાત્રા

### અરવલ્લીમાં આવી પહોંચેલા યુવકનું ઠેર ઠેર સ્વાગત કરાયું

મોડાસા, તા. ૨૯

ખોરાકમાં બગાડ થતો અટકે અને તે ખોરાક જરૂરિયાતમંદો સુધી પહોંચે અને વિશ્વના તમામ લોકોને ખોરાક મળી રહે તેવા ઉમદા આશયથી દક્ષિણ ભારતના કન્યાકુમારીનો યુવક કાશ્મીર સુધીની યાત્રા કરી લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે નીકળ્યો છે. કન્યાકુમારીનો ૨૪ વર્ષનો માછીનાર પુત્ર નિકિન બિનીશે બીએ સુધીનો અભ્યાસ કરેલો છે અને ખોરાકનો બગાડ અટકાવવા માટે ભારત ભ્રમણ માટે નિકળેલ છે.



હાલ આ યુવકે અરવલ્લી જિલ્લામાં પ્રવેશ કર્યો છે. ત્યારે જિલ્લા હિન્દુ યુવાવાહિનીના અધ્યક્ષ હર્ષ પંડ્યા દ્વારા તેમજ અન્ય વિવિધ સંસ્થાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું છે. ખોરાકનો થતો બગાડ અટકાવવા માટે યુવકે કન્યાકુમારીથી કાશ્મીર સુધીની સફરે ચાલતા જવાનુ નક્કી કરી અંદાજે ૧૦૦ દિવસ પહેલા પોતાના વતનથી ભારત ભ્રમણ માટે નીકળેલ છે. ખોરાકનો બગાડ અટકાવવા માટે નિકળેલ યુવાન માત્ર પોતાના સાથે ૬૦ રૂપિયા જ લઈ નિકળ્યો છે. ત્યારે રસ્તામાં લોકો દ્વારા જમાડવામાં આવે તો પોતે જમી લે છે બાકી ભુખ્યા રહે છે તેવુ યુવકે જણાવ્યુ હતુ. યુવક દ્વારા રસ્તામાં મળતા લોકોને કોરાકનો બગાડ ન કરવા માટે પ્રતિજ્ઞા લેવડાવે છે. આ અગાઉ યુવકે સમગ્ર દક્ષિણ ભારતનો પ્રવાસ પૂર્ણ કર્યો હતો અને હાલ ભારતના પ્રવાસ માટે નિકળ્યો છે.

### તસ્કરો ત્રણ લાખની માલમત્તા ઉઠાવી ગયા
## નિકોલમાં સોના-ચાંદીનાં ઘરેણાંની ચોરી મણિનગરમાં એક લાખની મતાની તફડંચી

અમદાવાદ,તા.૨૯

શહેરના નિકોલ વિસ્તારમાં ઘરફોડ ચોરીનો બનાવ અને મણિનગર વિસ્તારમાં કારનો કાચ તોડી આશરે રૂ.એક લાખની માલમતાની તફડંચીનો બનાવ બનતાં પોલીસે આ અંગે ગુના દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આ અંગેની વિગત એવી છે કે નિકોલ વિસ્તારમાં ખોડિયારનગર ખાતે સતાધારનગર પાસે આવેલા ૩૦/૦૧ નામના મકાનના પહેલા માળે તસ્કરોએ ત્રાટકી લોખંડના પીપમાં કપડાં વચ્ચે મૂકેલ આશરે રૂ.બે લાખની કિંમતના સોના-ચાંદીના ઘરેણાંની ચોરી કરી હતી. આ અંગે ભૂપેન્દ્રસિંહ ચૌહાણે પોલીસને જાણ કરતા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી જઈ સઘન તપાસ હાથ ધરી હતી, પરંતુ તસ્કરોનું કોઈ પગેરું મળ્યું નહોતું.

આ ઉપરાંત મુંબઈના થાણે ઈસ્ટ મીરા રોડ ઉપર શ્રી શાઈન સ્નેહા કોમ્પેલેક્સ ખાતે રહેતા નિલેશભાઈ અંબાણી પોતાની કાર મણિનગર વિસ્તારમાં જવાહર ચોક ચાર રસ્તા પર યામાહા શો રૂમ નજીક આવેલ કોમ્યુનિટી હોલ પાસે પાર્ક કરી હતી અને તેઓ કાઈ કામ સબબ નજીકમાં ગયા હતા. તે દરમિયાન કોઈ ગઠિયાએ કારના દરવાજાનો કાચ સિફતપૂર્વક તોડી સોનાનું મંગલસૂત્ર, કાનની શેર, બુટ્ટી અને અન્ય ચીજવસ્તુઓ મળી આશરે રૂ.એક લાખની માલમતાની તફડંચી કરી હતી. પોલીસે આ અંગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

### વાઘબકરી ટી ગ્રુપને ભારતના સૌથી પ્રતિષ્ઠિત પેકેજીંગ પુરસ્કાર, ઈન્ડિયાસ્ટાર ૨૦૧૭નું સન્માન

૨૮ ઓક્ટોબરના રોજ નવી દિલ્હીમાં સ્થિત હોટલ ઈરોસ ખાતે યોજાયેલ એક સમારોહમાં વાઘબકરી ટી ગ્રુપને પેકેજીંગ માટે ઈન્ડિયાસ્ટાર ૨૦૧૭ રાષ્ટ્રીય પુરસ્કારનું સન્માન પ્રાપ્ત થયુ. આ પુરસ્કાર ભારતની પ્રમુખ સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પેકેજીંગ (ભારત સરકારનું સાહસ) દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રમાં સૌથી વધુ રચનાત્મક પેકેજીંગને એનાયત કરવામાં આવે છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પેકેજીંગ દ્વારા ૧૯૭૨માં શરૂ કરવામાં આવેલ, દર બે વર્ષે આયોજીત, ઈન્ડિયાસ્ટાર ૨૦૧૭નો હેતુ શ્રેષ્ઠ પેકેજીંગ ડિઝાઈન, તેની રચનાત્મકતા અને ઉચ્ચ ગુણવત્તાને પ્રોત્સાહન આપવાનો છે.

વાઘબકરી ૧૦૦ ટકા સર્ટીફાઈડ ઓર્ગેનિક ટી, વાઘબકરી કોનોઝીયર ક્લેક્શ અને સેન્ડવીચીઝ માટેના વાઘબકરી ટેકઅવેના રચ્નાત્મક પેકેજીંગના કારણે વાઘબકરી ટી ગ્રુપને આ સન્માન મળેલ છે.

નોંધનીય છે કે વાઘબકરી ટી ગ્રુપે, હંમેશા એકધારી ગુણવત્તા જાળવી, પ્રીમિયમ ટી માર્કેટનો બહોળો ભાગ સર કરી લિધો છે અને વાઘબકરી ટી લોંજ દ્વારા ટી લોંજને એક નવી જ ઓળખ આપી છે.